જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૧/૨૦૨૨ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૩૮	૦	૧૧૭૩૮	૧૭૮૪૮	૦	૧૭૮૪૮
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૭	૦	૧૨૭	૩૯૯	૦	૩૯૯
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૭૬૯૨	૨૭૫	૭૭૯૬૭	૭૮૭૮૩	૨૭૫	૭૯૦૫૮
કુલ		૯૪૨૯૦	૨૭૫	૯૪૫૬૫	૧૦૩૩૧૨	૨૭૫	૧૦૩૫૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૧	૬,૦૩,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૧૬	૧૬,૧૬,૦૦૦/-

ચેઈન સ્નેચિંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ શહેરકોટડા પોલીસ સ્ટેશન

ચેઈન સ્નેચિંગના એક આરોપીને પોકેટકોપ મોબાઈલ ફોનના માધ્યમથી પકડી સોનાની ચેઈન તથા એકસેસ ટુ વ્હીલર ગાડી તથા મોબાઈલ ફોન સહીત કુલ્લે કિ.રૂ.૧૦૧૮૦૦/- ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરી મિલ્કત સબંધી અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તથા અટકાવવા સારૂ સુચના અને માર્ગદર્શન આપેલ હોય જેથી પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબનાઓએ પોકેટકોપ મોબાઈલ ફોનનો મહત્તમ ઉપયોગ કરી મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સારૂ સુચના કરેલ જે આધારે **સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ. ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ** તથા હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ બ.નં.૪૧૬૦ તથા હે.કો.સરફરાજનવાજ ઈબ્રાહિમમીયાં બ.નં.૪૦૦૫ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ બ.નં.૧૩૦૬૪ તથા વુ.પો.કો.માયાબેન ભગવાનદાસ બ.નં.૪૬૦૮ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૬૩૯૮ તથા પો.કો.સહદેવસિંહ દેવેન્દ્રસિંહ બ.નં.૧૩૦૮૪ તથા પો.કો.નટવરસિંહ જોરાવરસિંહ બ.નં.૧૦૦૧૮ તથા પો.કો.વિષ્ણુભાઈ પુંજાભાઈ બ.નં.૧૦૦૩૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન નારોલ વટવા ટી જંકશન પાસે આવતાં સાથેના **હે.કો.હસમુખભાઈ ભાનુભાઈ તથા પો.કો.મહેશકુમાર બાબુલાલ નાઓએ તેમની પાસેના પોકેટકોપ મોબાઈલ ફોનમાં અગાઉ મિલ્કત સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપીઓ સર્ચ કરી તેઓની ગુનાહિત પ્રવૃતિ બાબતે ખાનગીરાહે હકિકત મેળવતાં અગાઉ ચીલઝડપના ગુનામાં પકડાયેલ આરોપી અબ્દુલલતીફ લિયાકતહુસૈન શેખ રહે.અનવરનગર ગુલમહોર સોસાયટીની પાછળ સૈયદવાડી વટવા અમદાવાદ શહેરનો ગુનાહિત પ્રવૃતિ આચરતો હોય અને હાલમાં એક નંબરપ્લેટ વગરની એકસેસ ટુ વ્હીલર ગાડી સાથે સદાની ધાબી પાસે આવેલ હિલપાર્ક રેસીડેન્સી આગળ ઉભેલ હોવાની હકિકત મળતાં બે પંચો રૂબરૂ સદરી જગ્યાએ તાત્કાલિક જઈ તપાસ કરતાં ઉપરોકત આરોપી મળી આવેલ** જેનુ પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ અબ્દુલલતીફ ઉર્ફે બબલુ ઉર્ફે પાંચીયો લિયાકતહુસૈન જાતે શેખ ઉ.વ.૨૩ ધંધો.મજુરીકામ રહે.મ.નં.૦૮, ગલી નં.૦૧ અનવરનગર ગુલમહોર સોસાયટીની પાછળ સૈયદવાડી વટવા અમદાવાદ શહેરનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતી તપાસ કરતાં એક સોનાની તુટેલ હાલતની ચેઈન અંદાજીત કિ.રૂ.૪૮,૮૦૦/- તથા એકસેસ ટુ વ્હીલર ગાડીની આશરે કિ.રૂ.૪૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ ની કિ.રૂ.૮૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૦૧,૮૦૦/- ની મત્તાનો મુદ્દામાલ મળી આવેલ જેથી આરોપીની કડકાઈથી પુછપરછ કરતાં આજથી બે દિવસ

અગાઉ બપોરના સમયે નારોલ કર્ણાવતી – ૦૫ ની પાસે રોડ ઉપર એક બહેન ચાલતા ચાલતા જતા હતા તેના ગળામાંથી ચેઈન તોડી ખેચી ઝુંટવી લીધેલાની કબુલાત કરેલ અને સદરી બાબતે નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૨૦૦૫૯/૨૦૨૨ ધી ઈ.પી.કો.કલમ ૩૭૯(એ) (૩) મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી સદરી આરોપીને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી નારોલ પોલીસ સ્ટેશનનો મિલ્કત સબંધી અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૧૦/૦૧/૨૦૨૨

ગુનાહિત ઈતિહાસ :

આ કામના આરોપી અગાઉ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ચીલઝડપના ગુનામાં પકડાયેલ છે.



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૮ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૦ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૫,૧૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

પર્સ ઝુટવી લઈ ગયોઃ- **સમાચાર યાદી નં.૭૦/૨૦૨૨**

નારણપુરાઃ સોનીબહેન વા/ઓ રાજેશભાઇ ઠાકુર (ઉ.વ.૫૦) (રહે.પલ્લવી એપાર્ટમેન્ટ ફાયર સ્ટેશન પાસે મેમનગર) તા.૦૯/૦૧/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રિક્ષામાં બેસી પ્રગતિનગર ચાર રસ્તાથી વિજયનગર જવાના વળાંક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એકટીવા ઉપર આવેલ એક પુરૂષ એકટીવા રિક્ષા નજીક ચલાવી રિક્ષામાં બેઠેલ સોનીબહેન ઠાકુરના હાથમાંથી પર્સ ઝુટવી લઇ નાસી ગયો હતો. જે પર્સમાં મોબાઇલ ફોન કિમત રૂપિયા ૨૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- અને જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ સોનીબહેન ઠાકુરે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૭૧/૨૦૨૨**

દાણીલીમડાઃ મોહંમદસુફીયાન મોહંમદહનીફ શેખ (ઉ.વ.૩૨) (રહે. હરણવાળી પોળ પાંચકુવા કાલુપુર) એ તા.૧૦/૦૧/૨૦૨૨ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા કોઝી હોટલ પાસે આવેલ બજાજ કેમીકલ્સ નામની કંપનીમાં સોલાર પેનલ ફીંટીંગનું કામ કરતા હતા ત્યારે પતરૂ તુટી પડતા પતરા સાથે નીચે પડતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડોશ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ગોહીલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૨/૨૦૨૨**

ઓઢવઃ રક્ષપાલ ઓમકાર જાટવ (ઉ.વ.૨૨) (રહે.મુખીની ખડકી ઓઢવ ગામ ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૧/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઇ.શ્રી રેણુકાબહેન ઇશ્વરભાઇ ચલાવે છે.

નરોડાઃ ખોડાજી રમણજી ઠાકોર (ઉ.વ.૨૭) (રહે.નવુ પરૂ ઓઢવ ગુજરાત શાળા નં-૧,૨ ની બાજુમા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૧/૨૦૨૨ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે નરોડા દહેગામ બ્રીજ ઉતરતા રીંગ રોડ ખાતે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પીલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.